
# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૩ * નવેમ્બર, ૨૦૦૮



તત્ત્વદષ્ટિ બહુ સૂક્ષ્મ છે ભાઈ! અરે! અનંતકાળથી એણે પરનો—નિમિત્તનો, રાગનો અને પર્યાયનો અભ્યાસ કર્યો છે, તેને પોતાના જ્ઞેય માન્યા છે; પણ જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય બધું જ હું એક છું—એમ અંતર્મુખ થઈ અભેદનો અભ્યાસ કર્યો નથી, આહાહા!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

નમઃ શ્રીસીમન્ધરદેવાય　　　　નમઃ શ્રીકહાનગુરુદેવાય　　　　વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# અષ્ટમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૦૮ થી તા. ૩૦-૧૨-૨૦૦૮)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા સાત વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૦૮ થી તા. ૩૦-૧૨-૦૮ સુધી અષ્ટમ બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન મુંબઈ (મુલુન્ડ )નિવાસી શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ હ. નીજેશ, નીધી તથા હેમલના સૌજન્યથી કરવામાં આવ્યું છે. સર્વ મુમુક્ષુભાઈઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈ લાભ લેવા અવશ્ય પધારે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં શ્રી હસમુખભાઈ શાહ (U.S.A.), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), શ્રી નિલય ડેઢીયા (મુંબઈ ) દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા　　　　શ્રી ચીમનભાઈ મોદી　　　　શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

વર્ષ-૩
અંક-૩

સંવત
૨૦૬૫
November
A.D. 2008




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# આત્માનું અકર્તાપણું સિદ્ધ કરવા માટે 'ક્રમબદ્ધ' છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૬૨૭)

આ શ્રી સમયસાર નાટક છે, તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારના ૪૧ પદ્ય ચાલ્યા છે. ૪૨મુ પદ્ય લેવાનું છે. શ્લોક ૧૭મો આવ્યો છે, તેમાં અમૃતચંદ્રાઆચાર્ય શું કહે છે?–કે આત્માને અનેકાંતસ્વરૂપ નહિ માનતાં, એક એક સ્વરૂપવાળો માને છે તે એકાંત મિથ્યાદ્રષ્ટિ છે.

આત્મા અજ્ઞાનભાવે રાગાદિનો કર્તા છે, જ્ઞાનભાવે કર્તા નથી. આત્મા અજ્ઞાનભાવે હરખ-શોકાદિનો ભોક્તા છે, જ્ઞાનભાવે હરખ-શોકાદિ ભાવોનો ભોક્તા નથી. ભગવાન આત્મા સ્વભાવે અનંત આનંદ-શાંતિનો સાગર છે—એમ વસ્તુ-સ્વરૂપ અનેકાંતમય છે પણ અજ્ઞાની એકાંત માને છે.

આ શ્લોક ઉપરથી બનારસીદાસજી પાંચ બોલ મૂકે છે.

पद सुभाव पूरव उदै, निहचै उद्यम काल।
पच्छपात मिथ्यात पथ, सरवंगी सिव चाल।।४१।।

અર્થ :–કોઈ પદાર્થના સ્વભાવને જ, કોઈ પૂર્વકર્મના ઉદયને જ, કોઈ માત્ર નિશ્ચયને, કોઈ પુરુષાર્થને અને કોઈ કાળને જ માને છે પણ એક જ પક્ષની હઠ લેવી તે મિથ્યાત્વ છે અને અપેક્ષાથી સર્વનો સ્વીકાર કરવો તે સત્યાર્થ છે.

કોઈ એમ માને છે કે 'સ્વભાવ જ છે, કર્માદિ છે જ નહિ'; એકાંત પક્ષ છે. કોઈ

પૂર્વકર્મના ઉદયને જ માને છે કે જેવો કર્મનો ઉદય આવે છે તેવો જ જ્ઞાનની પર્યાયમાં તરંગ ઊઠે છે એમ એકાંતે માને છે તે પણ જૂઠી વાત છે. જ્ઞાનમાં તરંગ તો ઊઠે છે પણ તે પોતાના કારણે ઊઠે છે, કર્મના કારણે નહિ.

કોઈ એકલા નિશ્ચયને જ માને છે કે રાગ, ભેદ આદિ છે જ નહિ, આત્મા એક અભેદ છે; અનેક આત્મા નથી, એક જ આત્મા છે, બ્રહ્મ એક છે....એક છે... એમ કહે પણ તે એકનો નિર્ણય જેણે કર્યો તે બીજો થયો કે નહિ! એક ક્યાં રહ્યો! પણ આવી વેદાંતની માન્યતા સુધરેલા લોકોમાં બહુ થઈ ગઈ છે.

કોઈ એકલા પુરુષાર્થને જ માને છે. પુરુષાર્થ કરો...પુરુષાર્થ કરો....પણ પુરુષાર્થ ક્યારે કામ કરે! કે વસ્તુનો સ્વભાવ અને પરનો (કર્મનો) અભાવ હોય ત્યારે પુરુષાર્થ કામ કરે છે, એકલો પુરષાર્થ કામ કરતો નથી. કોઈ કાળને જ માને છે કે જે કાળે થવાનું હશે તે કાળે થશે.

શ્રોતા :–‘ક્રમબદ્ધ’ કહે છે તે શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–‘ક્રમબદ્ધ’માં પાંચેય સમવાય આવી જાય છે. જે દ્રવ્યમાં, જે સમયે, જે પ્રકારે પર્યાય થવાવાળી છે તે થાય છે. આવો નિર્ણય કરવાવાળો સ્વભાવ-સન્મુખ છે માટે ત્યાં ‘સ્વભાવ’ આવી ગયો, સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ આવી ગયો, તે જ સમયે તેનો કાળ હતો માટે કાળલબ્ધિ આવી ગઈ અને એ જ ભવિતવ્ય હતું. તે સમયે કર્મના ઉદયનાં પ્રતિબદ્ધનો અભાવ છે. આમ, પાંચેય સમવાય આવી જાય છે.

શાસ્ત્રમાં ક્રમબદ્ધ આવ્યું છે તે ક્રમબદ્ધ સિદ્ધ કરવા માટે નહિ પણ આત્માનું અકર્તાપણું સિદ્ધ કરવા માટે આવ્યું છે. સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ૩૦૧ થી ૩૧૧ ગાથાની ટીકામાં અકર્તાપણું સમજાવવા માટે ક્રમબદ્ધ આવ્યું છે કે આત્મા ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ છે. આત્મા પરદ્રવ્યની પર્યાયનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ પોતાની પર્યાયને પરિણમાવું એવો વિકલ્પ પણ ત્યાં નથી. આવો અકર્તા સિદ્ધ કરવા ‘ક્રમબદ્ધ’ આવ્યું છે. દ્રવ્ય જે સમયે જે પર્યાયથી ઊપજે છે તેનાથી અનન્ય છે, અન્ય નથી. ટીકામાં શબ્દો એવા આવ્યા છે કે પ્રથમ તો ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. “तावत् क्रमनियमित” એવા શબ્દો સંસ્કૃત ટીકામાં છે. ક્રમબદ્ધ સમજનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવી જોઈએ ક્રમબદ્ધ....ક્રમબદ્ધ કરે અને કર્તાબુદ્ધિ રહેતી હોય તો તેને ક્રમબદ્ધનો નિર્ણય નથી. હું કરું....હું કરું....એમ થાય છે ત્યાં ક્રમબદ્ધનો નિર્ણય ક્યાં આવ્યો?

'ક્રમબદ્ધ'ના નિર્ણયમાં તો પોતાના ભગવાન જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે માટે 'સ્વભાવ' આવ્યો, તે સમય તે તેનો 'સ્વકાળ' આવ્યો. તે સમયે જે ભાવ થવાનો હતો તે જ થયો એ ભવિતવ્ય છે અને સ્વભાવ-સન્મુખ છે માટે પુરુષાર્થ આવી ગયો, તે સમયે પ્રતિબદ્ધ કર્મનો અભાવ છે માટે તે નિમિત્ત આવી ગયું. આમ, પાંચેય સમવાય એક જ સમયમાં સાથે હોય છે. (૧) સ્વભાવ, (૨) કાળલબ્ધિ, (૩) પુરુષાર્થ, (૪) ભવિતવ્ય, (૫) કર્મના અભાવરૂપ નિમિત્ત. આ પાંચેય સમવાય કાર્ય થાય ત્યારે સાથે જ હોય છે.

જીવની જેમ અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી. શરીરના પરમાણુનું પરિણમન પણ ક્રમબદ્ધ છે, પોતાના સ્વભાવ અનુસાર છે, પરમાણુનું પરિણમન પોતાના કાળે જ થાય છે અને જે ભવિતવ્ય હોય તે જ થાય છે અને ત્યારે વિઘ્નરૂપ નિમિત્તનો અભાવ હોય છે. આમ, પરમાણુનો સ્વભાવ, કાળ, ભવિતવ્ય, પરમાણુની (પરિણમન) શક્તિ અને વિઘ્નનો અભાવ એ પાંચેય સમવાય એક જ સમયમાં હોય છે.

શાસ્ત્રમાં ક્રમ શબ્દ બીજા અર્થમાં આવે છે. ગુણો અક્રમ છે અને પર્યાયમાં ક્રમ છે એટલે કે પર્યાય એક પછી એક થાય છે એવો ત્યાં અર્થ છે અને ૩૮ ગાથામાં જે ક્રમ-અક્રમ શબ્દ આવ્યો છે તેનો અર્થ પણ જુદો છે. ૧૪ માર્ગણા છે તેમાં અમુક એક સાથે હોય છે જેમ કે જે સમયે લેશ્યા છે તે જ સમયે જ્ઞાનની પર્યાય પણ છે, શ્રદ્ધા પણ છે, ચારિત્ર પણ છે એમ અનંતગુણની પર્યાય અક્રમે એકસાથે હોય છે પણ એક ગુણની પર્યાય ક્રમે ક્રમે હોય છે. ચાર ગતિમાંથી એક ગતિ વખતે બીજી ગતિ ન હોય, છ લેશ્યામાંથી એક લેશ્યા વખતે બીજી લેશ્યા ન હોય, ચાર કષાયમાં ક્રોધ વખતે માન ન હોય, માન વખતે માયા ન હોય. આમ, ગુણો અક્રમ છે અને અનેક ગુણોની પર્યાયો પણ અક્રમે એકસાથે ઘણી હોય છે પણ એક ગુણની પર્યાય એક જ હોય છે અને ક્રમે ક્રમે નવી નવી થાય છે. અજ્ઞાનપર્યાય વખતે જ્ઞાનની પર્યાય ન હોય અને જ્ઞાન વખતે અજ્ઞાનની પર્યાય ન હોય, તેમાં ક્રમ છે. આવા વ્યવહારિક ભાવોથી હું ભેદરૂપ થતો નથી માટે હું 'એક છું' એમ ૩૮મી ગાથામાં લીધું છે.

ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાય ક્રમે ક્રમે હોય છે, એકસાથે ન હોય, તેમજ મનુષ્ય, તિર્યંચ, દેવ, નારક પર્યાય પણ ક્રમે ક્રમે હોય, એકસાથે ન હોય પણ એ બધા વ્યવહારિક ભાવો છે તેનાથી અખંડ છું, અભેદ છું. ત્યાં ૩૮ ગાથામાં આખા જીવ અધિકારનો સરવાળો આવી ગયો છે, સાર આવી ગયો છે. અહો! સમયસારમાં તો આખો

દરિયો ભરી દીધો છે. આચાર્યદેવની શૈલી પણ કોઈ અલૌકિક છે. કોઈ ધન્ય કાળે એવી ચીજ (સમયસાર) બની છે કે ભરતક્ષેત્રમાં એવી કોઈ બીજી ચીજ નથી.

જ્ઞાન-દર્શનાદિ ગુણો તો અક્રમે એકસાથે છે જ પણ તેની પર્યાયો પણ—જ્ઞાનની, દર્શનની, વીર્યની, ચારિત્રની એમ બધાં ગુણોની પર્યાય પણ—એકસાથે હોવાથી અક્રમે છે તો ક્રમે શું છે? કે એક ગુણસ્થાન વખતે બીજું ગુણસ્થાન ન હોય, ક્રમે ક્રમે હોય. એક લેશ્યા સમયે બીજી લેશ્યા ન હોય ક્રમે હોય, એક કષાય સમયે બીજો કષાય ન હોય, ક્રમે ક્રમે હોય. એમ જ્ઞાન-દર્શન લેશ્યા આદિ એકસાથે હોય માટે અક્રમે છે પણ એક માર્ગણાના બધા પ્રકારો એકસાથે ન હોય, ક્રમે ક્રમે હોય. આહાહા.....! ચૌદ માર્ગણાનો ઘણો વિસ્તાર છે. ગોમ્મટસારમાં ૨૦ બોલનો ઘણો વિસ્તાર કર્યો છે.

અહીં કહે છે કે કોઈ તો પદાર્થના સ્વભાવને જ માને, કોઈ તો પૂર્વકર્મના ઉદયને જ માને, કોઈ એક નિશ્ચયને જ માને એટલે કે બધા આત્માનું લક્ષણ એક છે માટે આત્મા એક જ છે એમ માને. આમ, અજ્ઞાની એક પક્ષને જ માને છે. કોઈ એમ કહે છે કે આ સમયસાર તો વેદાંતની માન્યતા સાથે મળતું આવે છે તે જૂઠું છે. જૈનમાં લોકો ક્રિયાકાંડથી ધર્મ મનાવી રહ્યાં હતા માટે તેને નિશ્ચયધર્મ સમયસારમાં સમજાવ્યો છે પણ વેદાંત અને સમયસારને કોઈ મેળ નથી. વેદાંતમાં અનંત દ્રવ્યો ક્યાં છે? વિકાર ક્યાં છે? અનંત ગુણ અને અનંત પર્યાય ક્યાં છે? વેદાંતમાં તો ચારગતિમાં પરિભ્રમણ પણ ક્યાં છે? સર્વજ્ઞ વીતરાગ ભગવાનની ઈચ્છા વિના નીકળેલી વાણી સિવાય ક્યાંય સત્ય વાત નથી. સર્વજ્ઞ ભગવાને ત્રણકાળ ત્રણલોકને જોયા છે માટે તેમની વાણી જ સત્યાર્થ છે.

ભગવાન મહાવીરને વિપુલાચલ પર્વત પર કેવળજ્ઞાન થયું પણ ૬૬ દિવસ સુધી વાણી ખરી નહીં. વૈશાખ સુદ દશમના દિવસે કેવળજ્ઞાન થયું અને શ્રાવણ વદ એકમના દિવસે દિવ્યધ્વનિની વર્ષા થઈ. ગૌતમ ગણધર આવ્યા અને વાણી ખરી એટલે કોઈ એમ કહે કે નિમિત્ત આવ્યું ત્યારે ઉપાદાનનું કામ થયું ને! ના ભાઈ! વાણીનો કાળ જ તે સમયે હતો.

'જયધવલ'માં આ બાબતમાં પ્રશ્નચર્ચા પણ ચાલી ગઈ છે કે મહારાજ! ઈન્દ્ર ગૌતમને ૬૬ દિવસ પછી કેમ લાવ્યાં? ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારે જ ગણધરને લાવવા જોઈએ ને! તો જયધવલાકાર લખે છે કે એ સમયે ગૌતમની કાળલબ્ધિ પાકી ન હતી. જે સમયે જે વસ્તુનો જે પ્રકાર પોતાથી થવાયોગ્ય હોય છે તે જ સમયે તે ત્યારે જ થાય છે.

લોકોને આવી વાત એકાંત જેવી લાગે છે, નિશ્ચયાભાસ લાગે છે પણ તે જ ખરેખર અનેકાંત છે.

કોઈ એકલા પુરુષાર્થને જ માને છે પણ એકલો પુરુષાર્થ શું કરે! પુરુષાર્થની સાથે સ્વભાવ, કાળ, ભવિતવ્યતા અને નિમિત્ત એ બધું હોવું જોઈએ. એકલું ક્રમબદ્ધ પણ શું કરે? બધું સાથે હોવું જોઈએ પણ તેનો અર્થ એવો નથી કે ક્રમબદ્ધ પણ છે અને અક્રમબદ્ધ પણ છે. ક્રમબદ્ધની સાથે પાંચેય સમવાય હોય તે અનેકાંત છે.

નિયત અને અનિયત વિષયમાં પણ બહુ ચર્ચા ચાલી હતી. જેમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી છે, પરથી નથી. દ્રવ્ય પોતાને કારણે દ્રવ્ય છે, પોતાના માટે પરદ્રવ્ય અદ્રવ્ય છે, પોતાના માટે પરક્ષેત્ર અક્ષેત્ર છે. સ્વકાળની અપેક્ષાએ પરકાળ અકાળ છે, પોતાના ભાવની અપેક્ષાએ અન્ય ભાવ પરભાવ છે. આમ, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાનું અસ્તિત્વ છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાનું અસ્તિત્વ નથી. તેમ, અપેક્ષાએ બીજા ચાર સમવાયને અનિયત કહેવાય પણ પર્યાય આગળ-પાછળ થાય છે એમ નહિ. પોતાની પર્યાયો નિયત સમયે જ થાય છે.

એક જ પક્ષની હઠ લેવી તે મિથ્યાત્વ છે અને અપેક્ષાથી સર્વનો સ્વીકાર કરવો તે સત્યાર્થ છે. મુક્તિનો માર્ગ સર્વાંગ છે. પાંચેય સમવાયને એકસાથે માને છે પણ એકનો પક્ષપાત કરવો મિથ્યાત્વ છે.

કોઈ કહે છે કે તકદીરમાં હોય તે થાય, કર્મમાં લખ્યું હોય તેમ થાય. અરે! કર્મ તો પરચીજ છે તે કરે એમ ન થાય. તું કરે તેમ તારામાં થાય.

કોઈ કહે છે કે કાળથી જ કાર્ય થાય છે પણ એમ એકાંત નથી. પાંચેય સમયવાય-માંથી કોઈ એકને માનવો અને બાકીના ચારનો અભાવ માનવો તે એકાંત મિથ્યાત્વ છે.

હવે ૪૩મા પદ્યમાં છએ મતવાળાઓનો વિચાર કરે છે.

**'છએ મતવાળાઓનો જીવપદાર્થ વિષે વિચાર'**

एक जीव वस्तुके अनेक गुनरूप नाम
निजजोग सुद्ध परजोगसौं असुद्ध हैं।
वेदपाठी ब्रहम कहैं मीमांसक कर्म कहैं
सिवमती सिव कहैं बौद्ध कहैं बुद्ध है॥

जैनी कहै जिन न्यायवादी करतार कहै,
छहौं दरसनमें वचनकौ विरुद्ध है।
वस्तुकौ सुरुप पहिचानै सोइ परवीन,
वचनके भेद भेद मानै साई मुद्ध है॥४३॥

અર્થ :–એક જીવપદાર્થના અનેક ગુણ, અનેક રૂપ, અનેક નામ છે, તે પરપદાર્થના સંયોગ વિના અર્થાત્ નિજસ્વરૂપથી શુદ્ધ છે અને પરદ્રવ્યનો સંબંધ કરવાથી અશુદ્ધ છે. તેને વેદપાઠી અર્થાત્ વેદાંતી બ્રહ્મ કહે છે, મીમાંસક કર્મ કહે છે, શિવ-વૈશેષિક મતવાળા શિવ કહે છે, બૌદ્ધ મતવાળા બુદ્ધ કહે છે, જૈનો જિન કહે છે, નૈયાયિક કર્તા કહે છે. આ રીતે છયે મતના કથનમાં વચનનો વિરોધ છે. તે વચનનો વિરોધ ભાવવિરોધ બતાવે છે. પરંતુ જે પદાર્થનું નિજસ્વરૂપ જાણે છે તે જ પંડિત છે અને જે વચનના ભેદથી પદાર્થમાં ભેદ માને છે તે જ મૂર્ખ છે.

છએ દર્શનમાં ભાવનો વિરોધ છે. આ પણ સાચો અને પેલો પણ સાચો...એવો ફૂદડીવાદ નથી. વીતરાગમાર્ગ એક જ સત્ય છે. જીવ પોતાથી છે અને પરથી નથી તેમ જ જડ પણ પોતાથી છે અને પરથી નથી તેનું નામ અનેકાંત છે. જીવ છે પણ ખરો અને નથી પણ ખરો એમ અનેકાંત ન હોય. જડ માનીએ તો છે પણ ન માનીએ તો નથી–એમ ન હોય.

एक जीव वस्तुके अनेक गुन रूप नाम–જીવ એક છે, તેમાં ગુણો અનેક છે અને રૂપ એટલે પર્યાય પણ અનેક છે. જીવની પર્યાય પોતાનો સંબંધ કરે તો શુદ્ધ છે અને પરનો સંબંધ કરે તો અશુદ્ધ છે. પર તેને અશુદ્ધ કરાવતું નથી પણ પરનો સંબંધ કરીને પોતે અશુદ્ધ થાય છે. કોઈ કહે કે અશુદ્ધતા છે જ નહિ–તો એમ નથી. અશુદ્ધતા ન હોય તો આનંદ આવવો જોઈએ. જો અશુદ્ધતા દ્રવ્યમાં જ આવી ગઈ હોય તો તો અશુદ્ધતા ટળીને કદી શુદ્ધ થાય જ નહિ, માટે 'દ્રવ્યે જીવ શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધ છે' એ બંને વાત માનવી જોઈએ.

परजोगसौं असुद्ध કહ્યું છે. પરથી અશુદ્ધ નથી કહ્યું. પરના સંબંધથી પોતે અશુદ્ધિ પ્રગટ કરી છે. ચંદ્રપ્રભુની સ્તુતિમાં કહ્યું છે–કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ...અગ્નિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ...અગ્નિ લોઢાનો સંગકરે છે તો ઘણ પડે છે, લોઢાનો સંગ ન કરે તો ઘણ ન પડે. તેમ જીવ કર્મનો સંગ કરે છે તો અશુદ્ધતા થાય છે અને માર પડે છે. परसंग एव.....પરનો સંગ કરે છે તો વિકાર થાય છે. निजयोग सुद्ध.....ભગવાન

આત્મા જો પોતાની પર્યાયમાં અંતરનો સંગ કરે તો શુદ્ધતા થાય. જેવી વસ્તુ શુદ્ધ છે તેવી જ પર્યાય શુદ્ધ થાય.

અરે! આ મનુષ્યભવનો થોડો કાળ....એમાં એકાંતના ઝઘડા! અનંત અનંતકાળ તો નિગોદમાં ગાળ્યો છે. અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તનકાળ એકેન્દ્રિયમાં રહ્યો છે. સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ૭૦ ક્રોડાક્રોડી સાગર અને બાદર એકેન્દ્રિયમાં ૭૦ ક્રોડાક્રોડી સાગર એમ કરતાં કરતાં અઢી પુદ્‌ગલ–પરાવર્તન અને એ સિવાય પ્રત્યેકમાં આવી જાય તેમાં પણ સૂક્ષ્મ અને બાદરમાં અસંખ્ય પુદ્‌ગલ–પરાવર્તનકાળ જાય છે. અરે! આવું વિચારવાનો એને વખત ક્યાં છે! આહાહા...! એક સૂક્ષ્મ નિગોદમાં સાત ચોવીશી જેટલો કાળ રહે એટલે ૭૦ ક્રોડાક્રોડી સાગર સુધી સૂક્ષ્મ નિગોદમાં જન્મ-મરણ કર્યા કરે. દશ ક્રોડાક્રોડી સાગરોપમની એક ચોવીસી હોય છે, એવી સાત ચોવીસી જેટલો કાળ એટલે ૭૦ ક્રોડાક્રોડી સાગર સુધી એકલા સૂક્ષ્મ નિગોદમાં જન્મ-મરણ કરે અને એકલા બાદરમાં પણ ૭૦ ક્રોડાક્રોડી સાગરકાળ રહે અને બંનેમાં મળી અઢી પુદ્‌ગલ–પરાવર્તનકાળ સુધી સૂક્ષ્મ અને બાદર નિગોદમાં જન્મ-મરણ કર્યા કરે. ત્યાંથી નીકળી પ્રત્યેક વનસ્પતિ, પૃથ્વી, પાણી, વાયુમાં રહે તો અસંખ્ય પુદ્‌ગલ–પરાવર્તનકાળ સુધી ત્યાં ને ત્યાં જન્મ-મરણ કર્યા કરે છે. શાસ્ત્રમાં આ બધું આવે છે. એક પુદ્‌ગલ–પરાવર્તનના અનંતમાં ભાગમાં તો અનંતી ચોવીસી થઈ જાય એટલો લાંબો કાળ જીવ એકેન્દ્રિયમાં રહ્યો છે. અહીં મનુષ્યમાં આવ્યો છતાં વિચાર કરતો નથી કે અરે! આ તો મારે ભવનો અભાવ કરવા માટેનો કાળ આવ્યો છે; એ નહિ કરે તો આંખો બંધ થતાં એકલો ચાલ્યો જશે. કોઈ સાથે નહિ આવે. પાછળથી ઘરના રડશે પણ 'રોનારા નથી રહેનાર રે...' રોનારા ક્યાં રહેવાના છે કે મરવાવાળાને રોકે! અકસ્માત દેહ છૂટી જશે...અરે આ શું!

આતમરામ તું જ પરમાતમા છો. તારી પાસે પરમાત્મા છે એમ કહેવાય છે તે પર્યાયની અપેક્ષાએ. પર્યાયની પાસે પરમાત્મા પડ્યો છે. દ્રવ્યની અપેક્ષાએ તો તું જ પૂરો–પરમાત્મા છો. ક્યાંય બહાર શોધવા જવો પડે તેમ નથી.

वेदपाठी ब्रहम कहैं । વેદપાઠી એક બ્રહ્મને જ માને. શુદ્ધતા-અશુદ્ધતા કાંઈ ન માને. દ્રવ્ય-ગુણ-પર્યાયની અભેદતાથી વસ્તુ એક છે પણ ગુણ-પર્યાયથી અનેક છે. બધા જીવો મળીને એક નથી પણ તું તારામાં જ એક અને અનેક છો, પરની સાથે મળીને એક નથી કે અનેક નથી પણ અરે! જૈનના સમયસારને વાંચીને પણ કેટલાંકને એક અદ્વૈત બ્રહ્મની માન્યતા થાય છે એમ કેટલાંક લખે છે પણ ખરેખર સમયસાર એમ કહેતું નથી.

અરે ભગવાન! તારી પર્યાયની સમીપ દ્રવ્ય પડ્યું છે ત્યાં નજર કર તો તને શુદ્ધતાનો અનુભવ થશે. દુનિયા માન આપે કે માન ન આપે તેમાં તારું લાભ-નુકશાન કાંઈ નથી. કંદમૂળમાં પડ્યો હતો ત્યાં મફતમાં મૂળીમાં વેચાતો હતો. ક્યાં પડ્યો હતો એ વિચાર! અહીં આવીને કોની પાસેથી તારે માન લેવું છે! નિરાલંબી પ્રભુ થઈને કોનું અવલંબન લેવું છે!

मीमांसक कर्म कहैं । કર્મ કરો....કર્મ કરો....તમારું કલ્યાણ થઈ જશે એમ મીમાંસક કહે છે. ક્રિયાકાંડી બધાં મીમાંસક જ છે પણ વિચાર તો કર કે જ્ઞાનસ્વરૂપ આત્મા કઈ રીતે ક્રિયા કરે!

सिवमती सिव कहै । શિવમતવાળા કાળને જ માને છે. બ્રહ્મા સૃષ્ટીના સર્જક છે, વિષ્ણુ રક્ષક છે અને શિવ સૃષ્ટિના સંહારક છે. શિવ એટલે કાળ. જે કાળે થવાનું છે તે કાળે જ થશે એમ માને પણ એકલો કાળ શું કરે! પોતાના સ્વભાવ અને પોતાના પુરુષાર્થ વિના એકલા કાળથી કામ થતું નથી. નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી રચિત દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે કે કોઈપણ પરિણમનમાં કાળ નિમિત્ત છે પણ તે હેય છે. કોઈપણ શાસ્ત્ર લ્યો– સ્વામીકાર્તિકનું હો કે ઈષ્ટોપદેશ હો કે દ્રવ્યસંગ્રહ હો, બધામાં અમૃત ઝરે છે, પરમ સત્ય જ બધામાં પ્રસિદ્ધ થાય છે.

૪૩ વર્ષ પહેલાં દામનગરના ઉપાશ્રયમાં અમે એકબાજુ આ દ્રવ્યસંગ્રહ વાંચતાં હતાં અને બીજી બાજુ ઓસરીમાં જીવરાજજી મહારાજને એક શેઠ કહેતાં હતાં કે મહારાજ કહે છે કે 'પુરુષાર્થથી અંદર કામ કરવું', પણ એમ નથી, જ્યારે કાળ આવશે ત્યારે કાર્ય થશે; એ જ વખતે અમારે વાંચવામાં આવ્યું કે કાળ કાળમાં છે પણ જીવને માટે તે હેય છે. નિમિત્ત છે ખરું પણ નિમિત્ત હેય છે. જયસેનઆચાર્યદેવે સમયસારની ટીકામાં લખ્યું છે કે નિમિત્ત છે પણ હેય છે. જગતમાં વસ્તુ તો છે પણ તને તેનાથી શું લાભ છે! આત્મા પોતાથી છે. આત્માની અપેક્ષાએ કાળદ્રવ્ય અદ્રવ્ય છે, આશ્રય કરવાલાયક નથી, જાણવાલાયક છે. જીવનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે તો બધી ચીજને જાણે પણ આદરણીય માનવાયોગ્ય નથી. કાળલબ્ધિ છે તેને જાણો પણ કાળલબ્ધિ થશે ક્યારે? કે સ્વભાવસન્મુખ થશે ત્યારે કાળલબ્ધિ થશે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં પ્રશ્ન કર્યો છે કે કાળલબ્ધિ થશે ત્યારે આત્મપ્રાપ્તિ થશે કે પુરુષાર્થથી થશે? જો કાળલબ્ધિ થશે ત્યારે થશે તો ઉપદેશ કેમ આપો છો? નવમાં અધિકારમાં છે, બહુ ચોખ્ખી વાત લીધી છે. પ્રશ્નનો જવાબ ટોડરમલજીએ આપ્યો છે કે કાળલબ્ધિ કોઈ બીજી વસ્તુ નથી, એ તો જીવની પર્યાય છે, કોઈ વસ્તુ નથી. પોતાના

સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે જે સમયે જે પર્યાય થવાની હોય તેનું જ્ઞાન થાય છે. બાકી, સ્વરૂપના જ્ઞાન વિના એકાંત કાળલબ્ધિ.....કાળલબ્ધિ કરીને ક્યાં જવું છે! કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય! અમારે તો પૂર્વના સંસ્કાર હતા એટલે અંદરથી વાત આવતી હતી, સંપ્રદાય સાથે બહુ ઘર્ષણ થતું હતું.

શિવમતી કાળને જ માને, શિવ એટલે કાળ, શિવ સંહાર કરે છે. જે સમયે જે થયું તે જ કાળ પણ તેનું જ્ઞાન કોને થાય? પોતાના સ્વભાવ–સન્મુખ થતાં જે જ્ઞાન થાય છે તેમાં સ્વકાળનું જ્ઞાન થાય છે. દ્રવ્યનું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન થતું નથી.

લોકો ક્યાં ક્યાં શલ્યમાં અટકે છે તેનો અહીં ખુલાસો કર્યો છે. વસ્તુમાં અંશે પણ શલ્ય ન હોય એવી નિઃશલ્ય વસ્તુ છે. તત્ત્વાર્થસૂત્રમાં 'નિશલ્યોવ્રતી' કહ્યું છે ને! માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્ય હોય અને કોઈ વ્રતધારી થઈ જાય એમ ન બને.

શ્રોતા :–પંચમકાળ છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પંચમકાળ છે તો શું થયું? 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ'. બે પંથ ન હોય. પરમર્થનો પંથ સદાકાળ એક જ હોય. હલવો જેમ ચોથાકાળમાં બનતો હતો એમ જ પંચમકાળમાં બને.

बौद्ध कहैं बुद्ध है । બૌદ્ધધર્મવાળા એક સમયની અવસ્થાને જ સ્વભાવ માને છે. એક ક્ષણનો આત્મા એ જ આત્મા....એ એકાંત માન્યતા છે.

जैनी कहैं जिन.... જૈની આત્માને વીતરાગસ્વરૂપ જિન કહે છે, રાગાદિ પરસંયોગ આત્માના સ્વભાવમાં નથી.

न्यायवादी करतार कहैं । કર્યા વગર કાંઈ થતું નથી માટે ઈશ્વર જ બધી ચીજનો કર્તા છે એમ ન્યાયવાદીઓ માને છે.

छहों दरसनमें वचनको विरोध है એટલે કે ભાવનો વિરોધ છે. વાસ્તવિક વસ્તુસ્વરૂપને ઓળખે તે જ પ્રવીણ પુરુષ છે. સ્વભાવ છે, ભવિતવ્ય છે, કાળ છે, પુરુષાર્થ છે અને પ્રતિબંધનો અભાવ છે આવા સ્વરૂપને ઓળખે છે તે પ્રવિણ છે. બાકી બધા મતોના વચન અનુસાર એક એક સમવાયના માને છે તે મૂર્ખ છે.

'પાંચે મતવાળા એકાંતી છે અને જૈનો સ્યાદવાદી છે'

वेदपाठी ब्रहम मांनि निहचै सुरूप गहैं,
मीमांसक कर्म मांनि उदैमें रहत है।

बौद्धमती बुद्ध मांनि सूच्छम सुभाव साधै,
सिवमती सिवरूप कालकौं कहत है।।
न्यायग्रंथके पढ़ैया थापैं करतार रूप,
उद्दिम उदीर उर आनंद लहत है।
पांचौं गरसनि तेतै पोषैं एक एक अंग,
जैनी जिनपंथी सरवंगी नै गहत है।।४।।

અર્થ :–વેદાંતી, જીવને નિશ્ચયનયની દૃષ્ટિથી જોઈને તેને સર્વથા 'બ્રહ્મ' કહે છે, બૌદ્ધમતી જીવને 'બુદ્ધ' માને છે અને તેનો ક્ષણભંગુર સૂક્ષ્મ સ્વભાવ સિદ્ધ કરે છે, શૈવ જીવને 'શિવ' માને છે અને શિવને કાળરૂપ માને છે. નૈયાયિક, જીવને ક્રિયાનો કર્તા જોઈને આનંદિત થાય છે અને તેનો 'કર્તા' માને છે. આ રીતે પાંચેય મતવાળા જીવના એક એક નયના વિષયભૂત આત્માને જાણે છે અર્થાત્ જૈનમત જીવને અપેક્ષાએ બ્રહ્મ પણ માને છે, કર્મરૂપ પણ માને છે, અનિત્ય પણ માને છે, શિવસ્વરૂપ પણ માને છે, કર્તા પણ માને છે, નિષ્કર્ષ પણ માને છે પણ એકાંતરૂપે નહિ. જૈનમત સિવાય બધા મત મતવાળા છે, સર્વથા એક પક્ષના પક્ષપાતી હોવાથી તેમને સ્વરૂપની સમજણ નથી.

વેદપાઠી....બધા જીવોનું એક લક્ષણ જ્ઞાન જ છે એમ દેખીને, વેદાંતી બધા જીવને એક જ માને છે. પુરુષાર્થ, ચારગતિ આદિ બધું ભ્રમ છે એમ માને છે પણ ભ્રમ પણ છે ને! ભ્રમ અર્થાત્ માયા ન હોય તો પરિભ્રમણ કોનું? એકલો નિશ્ચય નિશ્ચય જ હોય તો રાગ કોનો? સંસાર કોનો? માટે રાગ છે, સંસાર છે, પરિભ્રમણ છે અને દ્રવ્યસ્વભાવે શુદ્ધ છે. આમ, એક દ્રવ્યમાં દ્રવ્ય અને પર્યાય બે થઈ ગયા માટે એકને જ માનવું તે તદ્દન મિથ્યા છે.

મીમાંસકો કહે છે–કર્મ કરવું, અકર્તા થઈને ન રહેવું એમ એક પક્ષ માનનારા હોવાથી તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

બૌદ્ધમતી એક સમયના સ્વભાવને જ સાધે છે, ત્રિકાળીને માનતા નથી માટે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

શિવ એટલે કાળને જ વસ્તુ માનનારા પણ મિથ્યાવાદી છે. ન્યાયવાદી જીવને કાર્યને કર્તા માનીને જ આનંદિત થાય છે. કાર્ય કરો....કાર્ય કરો...જ્ઞાન....જ્ઞાન નહીં કરો....રાગ કરો, વિકાર કરો, ઉદ્યમ કરો, એ પણ મિથ્યાદૃષ્ટિ છે.

*(ક્રમશઃ)*

*

# અનુભૂતિ થવાથી જ શાસ્ત્રનું સફળપણું છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૪)

આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦૩ ગાથાનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ :–જીવોને શરીર તથા બાળક–વૃદ્ધ આદિ અવસ્થાઓ કર્મના ઉદયથી થાય છે. શું કહે છે? કે–શરીર એ આત્માનું સ્વરૂપ નથી તેમ જ શરીરની બાળ-વૃદ્ધ, રોગ-નિરોગ આદિ અવસ્થાઓ શરીરના પરમાણુના ઉપાદનથી અને કર્મના નિમિત્તથી થાય છે. આત્મા તો તેનાથી ભિન્ન છે. શરીરની અવસ્થાઓ થવામાં કર્મનો ઉદય તો નિમિત્ત માત્ર છે. ખરેખર તો શરીરની એવી અવસ્થા થવાનો કાળ હોય છે. શરીરની કોઈ અવસ્થા આત્માની નથી એ બતાવવું છે.

શરીરની બાળાદિ અવસ્થા આત્માની નથી માટે તે અસ્થા વડે આત્માને ન જો! હું બાળક, હું યુવાન, હું વૃદ્ધ, હું રોગી, હું નિરોગી એ બધો મિથ્યાભાવ છે કે કારણ કે, એ તો શરીરની અવસ્થા છે, તારી અવસ્થા નથી. શરીરના અંગોથી ઉત્પન્ન થયેલાં જે પાંચ ઈન્દ્રિયના વિષયો–તેની વાંછા જેનું મૂળ કારણ છે એવા જોયેલા, સાંભળેલા, ભોગવેલા વાંછારૂપ નિદાનબંધ આદિ ખોટા ધ્યાનથી વિમુખ જે શુદ્ધાત્માની ભાવના તેનાથી રહિત હોવાથી આ જીવે જે શુભાશુભ કર્મોનું ઉપાર્જન કર્યું છે તેના ઉદયના નિમિત્તે ચાર ગતિના શરીરો અને તેની બાળ આદિ અવસ્થાઓ થાય છે.

જીવ સ્વ વિષયને ભૂલી ગયો છે તેથી પર વિષયના લક્ષે તેને પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવવાની ચાહ ઊભી થઈ છે. જો શુદ્ધ વસ્તુની ભાવના કરે અને અંતરમાં સ્વભાવને વિષય બનાવે અને તેનો અનુભવ કરે તો તે જીવ અંતરની જ ભાવના કરે. પણ એ ભાવના અને અંતરદૃષ્ટિ નથી એટલે પાંચ ઈન્દ્રિયના વિષયોની ભાવના કરે છે. વાંછા-ઈચ્છા-પરની ભાવના એ જેનું મૂળ કારણ છે એવા દેખેલા અને સાંભળેલા પર વિષયો તથા રાગને ભોગવ્યો છે તેનું જ એ નિદાન બાંધે છે એ ખોટું ધ્યાન છે.

વર્તમાન પર્યાયબુદ્ધિ હોવાથી તેને લંબાવતા તેની વાંછા શરીર, વિષયો અને સંયોગ ઉપર જાય છે. ખરેખર તો પોતે પોતાને વિષય બનાવવો જોઈએ પણ પોતાને વિષય બનાવ્યો નથી અને પર્યાય ઉપર જ લક્ષ છે તેથી તેનો વિષય પર બને છે. પરમાં બધું

આવી જાય છે. અનાદિથી ભગવાન આત્મા આ વિષયને ચૂક્યો છે અને રાગમાં રોકાયો છે તેથી રાગમાં તેને પાંચેય ઈન્દ્રિયના વિષયો તરફની વાંછા હોય છે. કાનથી શબ્દ સાંભળવાની, આંખથી પરને દેખવાની, નાકથી સુંઘવાની ઈત્યાદિ; તેમાં શુભ અને અશુભ બધા વિષયો આવી જાય. અતીન્દ્રિય વિષય તો એક સ્વ જ છે, તેને તો દૃષ્ટિમાં લીધો નથી, તેની ભાવના પણ નથી તેથી પર વિષયોને ભોગવવાની ભાવના છે.

અનાદિથી પરપદાર્થની વાત જ સાંભળી છે, પરપદાર્થને જ જોયા છે અને રાગ-દ્વેષને ભોગવ્યા છે તેથી તેનું નિદાન એટલે કે હેતુ છે, જ્યારે શુદ્ધાત્માની ભાવના તો તેનાથી વિમુખ છે. તેનું એને લક્ષ પણ નથી તેથી શુદ્ધાત્મભાવના અર્થાત્ તેમાં એકાગ્રતાથી રહિતપણે પરવિષયમાં એકાગ્રતા કરીને જીવે કર્મોનું ઉપાર્જન કર્યું છે. આમ તો જીવે માત્ર ભાવ કર્યા છે પણ તેના નિમિત્તે કર્મ આવ્યા તેથી જીવે કર્મનું ઉપાર્જન કર્યું કહેવાય છે. તે કર્મોના ઉદયકાળે જીવને ચારગતિરૂપ શરીરનો સંયોગ બને છે. જો જીવ સ્વભાવને વિષય બનાવે તો ચારગતિનો અભાવ થાય—એ જ જીવે કરવા યોગ્ય છે. પણ એણે અનાદિથી પરને જ વિષય બનાવ્યા છે, તેની જ વાંછા અને તેમાં જ એકાગ્રતા કરી છે, તેથી કર્મોનું બંધન થાય છે અને ચારગતિના શરીરો મળતાં રહે છે. સ્વભાવનો વિષય ચારગતિનું છેદન કરનાર છે. તેના બદલે પરને વિષય બનાવવાથી અને તેની વાંછા અને ભાવના કરવાથી ચારગતિરૂપ શરીર મળે છે. સમજાણું કાંઈ!

પંચાસ્તિકાયમાં બીજી ગાથામાં આ વાત આચાર્યદેવ બીજી ઢબથી કરે છે કે નારકત્વ, તિર્યંચત્વ, દેવત્વ, મનુષ્યત્વરૂપ ચારગતિનું નિવારણ કરવાને લીધે અને શુદ્ધાત્મતત્ત્વ ઉપલબ્ધિરૂપ નિર્વાણનું પરંપરાએ કારણ હોવાના લીધે, પરતંત્રતાની નિવૃત્તિ અને સ્વતંત્રતાની પ્રાપ્તિનું કારણ છે એવી વીતરાગની વાણી છે એટલે કે વીતરાગની વાણીમાં એવા ભાવ આવે છે કે જે ચારગતિની પરતંત્રતાનો અભાવ કરવામાં અને નિર્વાણની સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં નિમિત્ત થાય છે.

જુઓ! ભગવાનની વાણીમાં આ આવ્યું છે અને અમૃતચંદ્રાચાર્યે ટીકા જ એવી કરી છે કે નારક આદિ ચારગતિની પરતંત્રતાનું નિવારણ કરવામાં અને શુદ્ધાત્મતત્ત્વ ઉપલબ્ધિરૂપ નિર્વાણની પ્રાપ્તિમાં પરંપરાએ કારણ થવામાં જ શાસ્ત્રનું સફળપણું છે. શુદ્ધ ચૈતન્યની અનુભૂતિરૂપ મોક્ષમાર્ગમાં શાસ્ત્ર-ભગવાનની વાણી નિમિત્ત થાય છે એમાં જ શાસ્ત્રોનું સફળપણું છે. સર્વાર્થસિદ્ધિ આદિ ગતિ મળવી એ વીતરાગની વાણીનું પ્રયોજન નથી. સાથે શુભરાગ છે તેના ફળમાં દેવગતિ આદિ મળે છે. સમય એટલે શાસ્ત્રનું ફળ

તો પરતંત્રતાનો અભાવ અને નિર્વાણપ્રાપ્તિરૂપ સ્વતંત્રતાની પ્રાપ્તિ છે. આ તો ભગવાન કહે છે કે આત્માના સ્વરૂપ બતાવતાં સિદ્ધાંતોનો તું અનુભવ કર! તેની દૃષ્ટિ કર! તો તને ચારગતિથી નિવૃત્તિ થશે અને પૂર્ણ શુદ્ધદશાની પ્રાપ્તિરૂપ નિર્વાણની પ્રાપ્તિ થશે. ચારગતિનો વ્યય, નિર્વાણનો ઉત્પાદ એ ભગવાનની વાણીની સફળતા છે, ગતિ મળવામાં વાણીની સફળતા નથી.

શ્રોતા :–ભગવાનની વાણીની શ્રોતામાં અસર થતી હશે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અસરની વાત નથી, આ તો એક નિમિત્તની વાત છે. સાંભળનારને વાણી સાંભળીને પૂર્ણતાની પ્રાપ્તિની ભાવના હોય તો એ વાણી સાંભળીને અંતરમુખના લક્ષમાં જાય છે ત્યારે વાણી આદિ નિમિત્ત કહેવાય છે. બહિર્મુખમાં જોતા જોતા અંતરમુખ થવાતું નથી. દિશા ફરે ત્યારે કામ થાય છે. વાણી સાંભળે ત્યારે તો દિશા પર તરફ છે, વિકલ્પ છે પણ જ્યાં લક્ષ અંતરમાં જાય છે ત્યારે દિશા ફરી જાય છે, અનુભવ થાય છે ત્યારે વાણીને નિમિત્ત કહેવાય છે.

શ્રોતા :–૧૫મી ઓગસ્ટે બધા સ્વતંત્ર થઈ ગયા ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–ધૂળમાંય સ્વતંત્ર થયા નથી. ધૂળમાંય એટલે લોકોત્તર પુણ્યવાળી સ્વતંત્રતા પણ એમાં નથી. લોકોત્તર પુણ્ય સમ્યગ્દૃષ્ટિને જ બંધાય છે. તીર્થંકરગોત્ર આદિ લોકોત્તર પુણ્ય સમ્યગ્દૃષ્ટિ સિવાય કોઈને ન બંધાય. આ બહારની સ્વતંત્રતા ક્યાં સાચી છે! લોકો બોલે છે કે હેરાન થઈ ગયા છીએ. રાજાશાહી હતી ત્યારે જેટલી હિંસા ન હતી એટલી અત્યારે થવા લાગી છે. એક દિવસમાં હજારો બકરા કાપે એવા કતલખાના ખૂલી ગયા છે. કાળા કેર છે ને!

અહીં તો કહે છે કે ચારગતિનો અભાવ થાય તે સ્વતંત્રતા છે. શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ નિર્વાણમાં સ્વતંત્રતા છે. પંચાસ્તિકાયની બીજી ગાથાની ટીકા આપણે આ વાંચી ને! દુનિયાથી જુદી જાતની વાત છે ભાઈ! જન્મ-મરણ તો કલંક છે! તેનાથી રહિત થવાની વાત છે. યોગસારમાં યોગીન્દુદેવે કહ્યું છે કે જન્મ-મરણ તો કલંક છે—'શરમજનક જન્મો ટળે, પીએ ન જનની ક્ષીર'.

મહિમાવંત પદાર્થ તું પોતે હોવા છતાં પરમાં તને મહિમા ભાસી, પુણ્યની મહિમા આવી, તેનાથી બંધાયેલા કર્મના ફળમાં આ શરીરાદિ સંયોગો મળ્યા છે. એ બધી કર્મજન્ય અવસ્થા છે, કાંઈ આત્મજન્ય અવસ્થા નથી.

અશરીરી થવાની વાત તો એક સ્વને વિષય બનાવીને સ્વમાં ઠરવામાં જ છે, એ જ ચારગતિના અભાવનું કારણ છે. આમાં સાચા શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર આવી ગયા અને પરને વિષય બનાવીને તેમાં ઠરવું એ ચારગતિ ઉત્પન્ન કરવાનું કારણ છે.

ચારગતિના શરીર અને બાલ, વૃદ્ધ, આદિ અવસ્થા કર્મજનિત છે. આત્માએ તેને ઉપજાવી નથી અને તે આત્માની અવસ્થા નથી માટે શરીરમાં રોગ આદિ આવતાં એ મને થયું એમ માનવું તે અજ્ઞાન છે–ભ્રમણા છે.

શ્રોતા :–પોતે પાપ કર્યું હતું ત્યારે શરીરની એવી અવસ્થા થઈ ને?

પૂજ્ય ગુરુદેશ્રી :–પોતે એવા ભાવ પૂર્વે કરેલા પણ તેનું નિમિત્ત પામીને કર્મના રજકણો પોતાના કારણે પરિણમ્યા અને તેનું નિમિત્ત પામીને આ શરીરના રજકણો તેના પોતાના કારણે પરિણમ્યા છે, માટે તે અવસ્થાઓ તારી નથી, કર્મજનિત છે.

હે બાળ–હે અજ્ઞાની જીવ! આ વાત તું નિઃસંદેહ જાણ! ભગવાન! તારા ભગવાનને તેં ધ્યેય ન બનાવ્યો–વિષય ન બનાવ્યો–જ્ઞેય ન બનાવ્યો તેથી તેં પરને અને રાગને ધ્યેય બનાવ્યા–વિષય બનાવ્યા અને જ્ઞેય બનાવ્યા. તેના કારણે કર્મબંધન થયું અને એ બંધનના કારણે શરીરની આ બધી અવસ્થા થઈ છે એમ હે બાળ! હે અજ્ઞાની! આ વાત તું નિઃસંદેહ જાણ! એ શરીરની અવસ્થાને મારી માનવી એ અજીવને જીવ માનવા જેવું છે. આમ સીધો તો કોઈ અજીવને જીવ ન માને પણ શરીરની અવસ્થાને પોતાની માની એટલે તેણે અજીવને જ જીવ માન્યો છે. છઢાળામાં આવે છે ને! 'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન.'—એ રીતની સાત તત્ત્વની ભૂલ ત્યાં બતાવી છે.

વાસ્તવમાં દરેક જીવ કેવા છે અને કેટલા છે?—કે જીવો દ્રવ્યપ્રમાણથી અનંત છે, ક્ષેત્રની અપેક્ષાએ એક એક જીવ જોકે વ્યવહારનયથી પોતાને મળેલા શરીરપ્રમાણ ક્ષેત્રવાળા છે પણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. વ્યવહારનયથી એક એક જીવ દેહપ્રમાણ છે તેનો અર્થ એ કે દેહના આકાર જેવડા ક્ષેત્રમાં જીવ છે પણ દેહનો આકાર એ જીવની અવસ્થા છે એમ કહેવું નથી. નિશ્ચયથી જીવ અસંખ્યાતપ્રદેશી છે તેનો વિભાવવ્યંજનપર્યાયનો આકાર પોતાના કારણે જ શરીરપ્રમાણ આકારવાળો છે પણ તે અશુદ્ધ ઉપાદાનનો આકાર છે માટે વ્યવહારનયનો વિષય છે. ક્ષણે ક્ષણે વિકૃતરૂપ વ્યંજન આકૃતિ થાય છે તે વ્યવહારનો ક્ષણિક વિષય છે તે કાંઈ જીવનું ત્રિકાળી સ્વરૂપ નથી.

શું કહ્યું? કે-બાળ-યુવાન-વૃદ્ધ આદિ દેહની અવસ્થામાં આત્માનો જે શરીરપ્રમાણ આકાર તે તે ક્ષણનું પરિણમન છે, તેને વ્યવહારનયનો વિષય કહીને હેય કહેવા માગે છે. નિગોદથી લઈને સૂક્ષ્મ-બાદર બધા શરીરોની અવસ્થા તો શરીરની પણ તે શરીરમાં રહેલા જીવના અસંખ્યપ્રદેશોનો શરીરપ્રમાણ જે આકાર છે તે પર્યાયદષ્ટિએ છે માટે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયદષ્ટિએ જુઓ તો વસ્તુ અસંખ્યપ્રદેશી એકરૂપ છે માટે એકરૂપ વસ્તુને જો! પર્યાયના આકારને ન જો!

જોકે એક એક જીવ વ્યવહારનયથી પોતાને મળેલા દેહના આકારપ્રમાણ છે પણ દેહના કારણે નથી, દેહનું તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાની તે સમયની વ્યંજનપર્યાયની યોગ્યતાથી એવો આકાર થાય છે. જેમ બાળ-વૃદ્ધ આદિ અવસ્થામાં કર્મ તો નિમિત્ત છે, ઉપાદાન શરીરના પરમાણુનું છે, તેમ એક એક સમયની ભિન્ન-ભિન્ન આકૃતિ જીવની પોતાની વ્યંજનપર્યાયની યોગ્યતાથી થાય છે તેમાં શરીર તો નિમિત્તમાત્ર છે. સમયે સમયે ખંડ-ખંડ પર્યાય થાય છે તે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયથી લોકના જેટલા પ્રદેશ છે એટલા જ એક એક જીવના પ્રદેશ છે. તેમાં વધ-ઘટ નથી. એકરૂપ ક્ષેત્ર છે માટે, તું આકૃતિની ભિન્નતાને ન જો, અસંખ્યપ્રદેશી એકરૂપ વસ્તુને જો!

શ્રોતા :-અસંખ્યપ્રદેશને જોવામાં ભેદ પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :-અસંખ્યપ્રદેશી વસ્તુ એકરૂપ છે તેને જોવાની વાત છે. અસંખ્યનું લક્ષ કરતાં તો ભેદ ઊપજે છે. અભેદ એકરૂપ વસ્તુને જો! અસંખ્યપ્રદેશ હંમેશા એકરૂપ રહે છે માટે તે નિશ્ચયનો વિષય છે. ગતિ અનુસાર અને શરીરપ્રમાણ બદલતી આકૃતિ એકરૂપ નથી માટે તે વ્યવહારનો વિષય છે. અસંખ્યપ્રદેશી હું વસ્તુ છું એમ જ્ઞાનમાં રહે છે પણ અસંખ્યપ્રદેશના ભેદ ઉપર લક્ષ કરે તો તો વિકલ્પ ઊઠે છે. ઉપયોગ એકરૂપ સ્વરૂપમાં જામે છે ત્યાં વિકલ્પ રહેતો નથી. લબ્ધમાં તો દ્રવ્ય-પર્યાય, ભેદ-અભેદ આદિ બધું જ્ઞાન રહે છે પણ છદ્મસ્થના ઉપયોગમાં એકસાથે બધું રહેતું નથી. માટે નિર્વિકલ્પ ઉપયોગમાં એકરૂપ વસ્તુ જ વિષય બને છે. લબ્ધજ્ઞાનમાં તો વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયાત્મક, ભેદ-અભેદ, બદ્ધ-અબદ્ધ આદિ જે રીતે છે તે બધું જ્ઞાનમાં રહે છે. ઉપયોગ એક ઉપર રહે છે તેમાં ભેદ પડતાં નથી. લબ્ધજ્ઞાનમાં બધું ન હોય તો તો જ્ઞાન ખોટું ઠરે. આ તો જૈનદર્શન છે ભાઈ!

ઉપયોગ ધ્યાનમાં એકાકાર છે ત્યારે નગારા વગાડો તોપણ ખબર ન પડે કેમ કે ઉપયોગ સ્વવિષયમાં જામી ગયો છે પણ તે જ સમયે લબ્ધજ્ઞાનમાં સ્વપરપ્રકાશકજ્ઞાન જે

છે તે ચાલ્યું ગયું નથી. ઉપયોગ એક તરફ હોય તે વખતે લબ્ધજ્ઞાનમાં બધું જાણપણું રહે છે. મુનિઓને ધ્યાનમાં હોય ત્યારે ઉપસર્ગ થતો હોય તો ખબર પણ ન પડે પણ જ્યાં ઉપયોગ પલટાય અને વિકલ્પ ઊઠે ત્યાં ખ્યાલમાં આવી જાય કે આ સિંહણ શરીરને ખાય છે. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ન્યાયથી આ વાત લીધી છે કે મુનિરાજને ઉપસર્ગ-પરિષહ આવે ત્યારે તેનું જ્ઞાન જ નથી એમ નથી. ઉપયોગ અંતરમાં હોય ત્યારે ખ્યાલમાં ન હોય પણ ઉપયોગ અંતરમાં એકધારો ટકતો નથી. ઉપયોગ બહાર આવે એટલે ખ્યાલમાં આવી જાય છે કે શરીરમાં ઉપસર્ગ-પરિષહ આદિ છે. છતાં તેનું વેદન થતું નથી. ઉપયોગ સ્વજ્ઞેયને છોડીને પરજ્ઞેયમાં આવ્યો, વિકલ્પ ઉઠ્યો એટલો વેદનમાં ફેર પડ્યો, પણ આ ઉપસર્ગનું દુઃખ છે એવું વેદન મુનિરાજને થતું નથી. બાકી, ઉપસર્ગ-પરિષહનું જ્ઞાન તો બરાબર થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ બધા વિષયનું સ્પષ્ટીકરણ બહુ સરસ કર્યું છે. સમજે તો તેમાં એટલું બધુ ભર્યું છે! બહુ સરસ છે.

ત્યાં એક વાત એ પણ મૂકી છે કે ઉપયોગ નિર્વિકલ્પ થાય એટલે કાંઈ નિર્વિચાર થઈ જતો નથી, મતિ-શ્રુતની વિચારધારા તો ચાલુ રહે છે. જો કોઈ એમ કહે કે એ વખતે સર્વથા વિચાર વિનાનો થઈ જાય છે તો મતિ-શ્રુતનો ભાગ જે વિચાર એ નથી અને કેવળજ્ઞાન તો છે જ નહિ તો પછી રહ્યું શું? અંતરમાં ઉપયોગ હોય ત્યારે અવધિ અને મનઃપર્યય તો ન હોય તો પછી શું રહેશે? માટે, મતિ-શ્રુતજ્ઞાન તો નિર્વિકલ્પદશા વખતે ચાલુ જ હોય છે. રાગ ન હોય, વિકલ્પ ન હોય પણ મતિ-શ્રુતજ્ઞાનની ધારા તો છે જ, એ પણ ન હોય તો તો જીવ જડ થઈ જાય, કેમ કે એ વખતે અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તો નથી અને મતિશ્રુત પણ ન હોય તો જ્ઞાન વિના આત્મા જડ થઈ જાય. માટે, નિર્વિકલ્પ ઉપયોગ વખતે ભેદનો ખ્યાલ નથી રહેતો પણ નિર્વિચારપણું ન હોય– મતિ-શ્રુતની ધારા ચાલુ હોય છે પણ ઉપયોગ એકબાજુ જામી ગયો છે.

પાછળથી રહસ્યપૂર્ણચિટ્ઠીમાં ખુલાસો કર્યો છે કે યુક્તિ, નય, પ્રમાણ આદિનો વિકલ્પ તત્ત્વના અન્વેષણકાળે હોય છે પણ અનુભવકાળે એ વાત રહેતી નથી.

तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।
णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा॥२६६॥

મોટા નયચક્ર ગ્રંથનો આધાર આપીને ટોડરમલજીએ ચારે તરફથી વાતને એવી ગોઠવી છે કે જેમ રત્નની ખરીદી વખતે તો અનેક પડખેથી વિચાર કરે છે પણ રત્નને પહેરે ત્યારે એ વિચાર હોતો નથી. ત્યારે તો પહેરવાનું સુખ જ વેદે છે, તેમ તત્ત્વના

અન્વેષણકાળે અનેક પ્રકારે વસ્તુને નક્કી કરવા માટે નય, પ્રમાણ આદિના વિકલ્પ હોય છે પણ અનુભવકાળે તો અનુભવનો આનંદ જ વેદે છે, વિકલ્પ કરતો નથી.

મોક્ષમાર્ગપ્રકાશક પૂરું થયા પછી આપણે આ ત્રણે ચિઠ્ઠી એમાં છપાવી છે. ત્રણેય બહુ સરસ છે. અમને પ્રથમ મોક્ષમાર્ગપ્રકાશક મળ્યું હતું પછી અહીં નવું છપાણું ત્યારે એમાં આ ચિઠ્ઠી છપાવી છે. રહસ્યપૂર્ણચિઠ્ઠી તો ટોડરમલજીની જ છે પણ જે પરમાર્થવચનિકા છે તે બનારસીદાસજીએ લખેલી છે, બહુ સરસ છે. ઘણા વર્ષ પહેલાં જોઈ ત્યારે એમ થયું કે અરે! આ અત્યાર સુધી ગુપ્ત રહી ગઈ! એ ચિઠ્ઠી આમાં લઈ લીધી અને ત્રીજી ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી છે એ પણ બનારસીદાસજી લિખિત છે તેમાં એ વાત લીધી છે કે નિગોદમાંથી જીવ કોના બળે ઉપર આવે છે? નિગોદમાં જ્ઞાન તો મિથ્યા છે પણ શુભભાવ થાય છે તેના બળે નિગોદનો જીવ ઊંચો આવે છે.

હવે અહીં પરમાત્મપ્રકાશમાં શું કહે છે જુઓ! નિશ્ચયનયથી જીવ લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. સર્વક્ષેત્રમાં, સર્વકાળમાં, સર્વ જીવોનું સ્વરૂપ અસંખ્યાતપ્રદેશી જ જાણવું. બાદર-સૂક્ષ્મ આદિ ભેદ કર્મજનિત છે એમ જાણી જીવોમાં ભેદ ન માનવો. વિશુદ્ધ દર્શન-જ્ઞાનની અપેક્ષાએ બધા જ જીવ સમાન છે, કોઈ પણ જીવ દર્શન-જ્ઞાન રહિત નથી. અભેદ અનંતગુણનું એકરૂપ અસંખ્યપ્રદેશી હું દર્શનજ્ઞાનસ્વરૂપી જીવ છું એમ તું તને જો! તો તને બીજા જીવો પણ એવા સ્વરૂપવાળા જણાશે. જેમ સર્વ જીવદ્રવ્ય, સર્વક્ષેત્રમાં, સર્વકાળમાં એકસરખા છે એમ ઉપર કહ્યું ત્યાં ભાવ બાકી હતો એ અહીં લીધો કે વિશુદ્ધ જ્ઞાન-દર્શનની અપેક્ષાએ સર્વ જીવ સમાન છે. આમાં વિશુદ્ધ જ્ઞાન-દર્શન એટલે ત્રિકાળી દર્શન અને ત્રિકાળ જ્ઞાન સામાન્યની વાત છે. જ્ઞાન-દર્શન પર્યાયની વાત નથી.

અનંત જીવદ્રવ્ય, એક એક દ્રવ્યના અસંખ્યપ્રદેશ, એક એક દ્રવ્યમાં વિશુદ્ધ દર્શન-જ્ઞાન સ્વભાવ, આ સર્વ કાળે સર્વ જીવમાં સમાન છે. આહાહા...! આવી દૃષ્ટિ થાય તે દૃષ્ટિ વીતરાગદૃષ્ટિ છે. આવા સ્વરૂપનું સમ્યક્ જ્ઞાન થવું તે વીતરાગીજ્ઞાન છે અને આવા સ્વરૂપમાં સ્થિરતા તે વીતરાગ ચારિત્ર અથવા સમભાવ છે, મોક્ષમાર્ગ છે.

આ ૧૦૩ ગાથા થઈ. હવે ૧૦૪ ગાથામાં બીજી વાત ઉપાડે છે. જુદી જુદી ગાથાદીઠ જુદો જુદો ભાવ બતાવે છે.

હવે, જે જીવોમાં શત્રુ, મિત્રાદિનો ભેદ કરતો નથી તે નિશ્ચયથી જીવનું લક્ષણ જાણે છે એમ કહે છે. શત્રુ-મિત્ર એ તો પર્યાયબુદ્ધિનો વિષય છે. વસ્તુ તરીકે જ્ઞાનાનંદ સ્વભાવે

લક્ષિત બધા જીવો ભગવાન છે એમ જે જાણે છે તે કોઈ જીવોમાં શત્રુ-મિત્રનો ભેદ કરતાં નથી.

सत्तु वि मित्तु वि अप्पु परु जीव असेसु विएइ।
एक्कु करेविणु जो मुणइ सो अप्पा जाणेइ॥१०४॥

અર્થ :–આ બધા જીવો છે તેમાં કોઈ જીવ કોઈનો શત્રુ પણ છે, કોઈ મિત્ર પણ છે, કોઈ પોતાના છે, કોઈ પારકા છે એવું વ્યવહારથી જાણીને જે જ્ઞાની, નિશ્ચયથી એકપણું કરીને અર્થાત્ બધામાં સમદૃષ્ટિ રાખીને સમાન માને છે તે આત્માના સ્વરૂપને જાણે છે.

વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારનયનો વિષય નથી–એમ નથી. વ્યવહારનયનો વિષય આદરણીય નથી પણ શત્રુ, મિત્ર આદિ જે પર્યાય છે તેનું જ્ઞાન બરાબર કરવાયોગ્ય છે. પણ નિશ્ચયથી બધા આત્મા જ્ઞાનાનંદે શુદ્ધસ્વભાવે પરિપૂર્ણ છે એમ જ્ઞાની સમદૃષ્ટિથી જાણે છે કેમ કે વસ્તુમાં ક્યાં કમી છે! પર્યાયમાં કમી છે કે વૃદ્ધિ છે એ તો પર્યાયદૃષ્ટિનો વિષય છે, તે માત્ર જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

આહાહા....! આમા વાદ-વિવાદને સ્થાન ક્યાં છે! દરેક વસ્તુ સ્વતંત્ર છે. અરે! તેના ગુણ પણ સ્વતંત્ર છે. એક ગુણના કારણે બીજો ગુણ નથી. કોઈ કહે કે જ્ઞાનની શુદ્ધતા વડે ક્રિયા શુદ્ધ થઈ...તો એમ નથી. સર્વ ગુણ અસહાય છે. કોઈ ગુણ બીજાના આશ્રિત નથી. ગુણોમાં ભલે પ્રદેશભેદ નથી પણ ભાવભેદે ગુણો સ્વતંત્ર છે. આ વાત ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં લીધી છે. પંચાધ્યાયીમાં પણ લીધી છે કે સર્વ ગુણો અસહાયરૂપ છે. એક ગુણની અસ્તિને લીધે બીજા ગુણની અસ્તિ નથી. એક ગુણને બીજા ગુણની અપેક્ષા રહે તો સ્વતંત્રતા સિદ્ધ થતી નથી. માટે પ્રદેશથી બધા ગુણો અભેદ હોવા છતાં બધામાં ભાવે ભેદ છે. આમ ભેદ-અભેદ બંને છે. ધર્મી અને ધર્મ નિરપેક્ષ છે તેમ પરસ્પર ધર્મો પણ નિરપેક્ષ છે. એક ગુણને બીજા ગુણની અપેક્ષા લઈએ તો વસ્તુની સ્વતંત્ર નિરપેક્ષતાની સિદ્ધિ થતી નથી.

ત્રણેય ચિઠ્ઠી ઉપરના પ્રવચનો થઈ ગયા છે, એનું પુસ્તક છપાય છે. ૨૪ પ્રવચનો થયા છે, તેના બે હજાર પુસ્તક છપાઈને આવશે.

વસ્તુ કોઈ અપૂર્વ મહાન સત્ છે. તેના એક એક ગુણ સત્‌પણે બિરાજમાન છે. તેનું સમયે સમયે અનંત સામર્થ્ય છે. એવા અનંતાગુણો સ્વતંત્ર છે. તેની અનંત પર્યાય થાય છે એ વળી જુદી. ગુણીના કારણે ગુણ નથી, બીજા ગુણના કારણે આ ગુણ નથી

અને પર્યાયના કારણે ગુણ નથી. ગુણ પોતાના ગુણથી-ભાવથી છે. એક એક પર્યાયમાં પણ અનંતા અવિભાગ–પ્રતિચ્છેદનું સામર્થ્ય છે. द्रव्याश्रया गुणाः निर्गुणा गुणा–એ વાત જુદી છે.

ભાવાર્થ :–આ સંસારી જીવોમાં શત્રુ આદિ અનેક ભેદ દેખાય છે–એમ કહ્યું ખરું, કેમ કે એ પર્યાય છે તે પણ વિષય તો છે ને! પણ એ ક્ષણિક વિષય, વર્તમાન પર્યાયને જોનારી નય, ત્રિકાળીને જાણનાર જ્ઞાનની અપેક્ષાએ માત્ર જાણવાલાય છે. ત્રિકાળી સ્વભાવનું જેને માહાત્મ્ય આવ્યું છે એવા જ્ઞાની સર્વ જીવોને એક સમાન દૃષ્ટિથી સમાન દેખે છે. જેવો મારો આત્મા છે એવો જ દરેકનો આત્મા છે એમ જુએ છે. પોતાની પર્યાયને ગૌણ કરી છે તેમ બધા જીવોની પર્યાયને ગૌણ કરીને દ્રવ્યથી દરેકને સમાન જાણે છે.

શત્રુ-મિત્ર, જીવિત-મરણ, લાભ-અલાભ આદિ બધામાં સમભાવરૂપ જે વીતરાગ પરમસામાયિકચારિત્રના પ્રભાવથી જે, સર્વ જીવોને શુદ્ધ સંગ્રહનયથી એક જાણે છે, સર્વને સમાન માને છે તે જ પોતાના નિજસ્વરૂપને જાણે છે. પોતાના કાયમી એક શુદ્ધસ્વભાવના અવલંબનને કારણે પ્રગટેલી રાગ વિનાની દૃષ્ટિ, જ્ઞાન અને સમતાના પ્રભાવથી જે શુદ્ધસંગ્રહનયથી જીવોને એક સમાન શાંતરસના પોટલા છે એમ જાણે છે તે જ્ઞાનીએ પોતાના સ્વભાવને રાગથી અધિક જાણ્યો ત્યાં જ્ઞાની સર્વજીવોના સ્વભાવને રાગથી અધિક એટલે ભિન્ન જાણે છે.

જ્યાં વિકલ્પની વિષમતાનો પરલક્ષી ભાવ ટળ્યો છે અને નિર્વિકલ્પ સ્વભાવના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની અરાગી પરિણતિ પ્રગટી છે તે દ્વારા જેવો પોતાને જાણે છે એવા જ બધા આત્માને સમાન જાણે છે, તે જ પોતાના નિજ સ્વરૂપને જાણનાર જ્ઞાની છે; તે જ પોતાના સ્વરૂપમાં ઠરી શકે છે. અરે! આ શત્રુ છે અને આ મિત્ર છે એમ ભેદમાં રોકાય છે તે સ્વમાં ઠરી શકતો નથી. ખરેખર કોઈ તારું શત્રુ કે મિત્ર નથી, જ્યાં વિકલ્પ ઊઠ્યો તે પણ તારો નથી તો શત્રુ, મિત્રાદિ ક્યાં તારા હતા?

આસ્રવતત્ત્વ ભિન્ન છે અને જીવતત્ત્વ ભિન્ન છે માટે જીવને શુભાશુભ આસ્રવવાળો ન જો! સર્વ જીવને આસ્રવરહિત સ્વભાવથી જો. ચૈતન્યના મહારસના સ્વાદની દૃષ્ટિમાં જે સમભાવની પરિણતિ ઊભી થઈ તેણે પોતાને રાગાદિ હોવા છતાં તેને ગૌણ કરી નાખ્યો છે તેમ બધાના રાગાદિ ગૌણ કરીને, આસ્રવ આદિના નિમિત્તને ગૌણ કરીને, સ્વભાવથી બધા સમાન પરિપૂર્ણ છે એમ જુએ છે તેને સમતા રહી શકે છે.

નિજસ્વરૂપ કેવું છે? કે નિજસ્વરૂપ વીતરાગ સહજાનંદ એક સ્વભાવ તથા શત્રુ-

મિત્ર આદિ વિકલ્પજાળથી રહિત છે. શત્રુ-મિત્રથી તો રહિત છે પણ આ શત્રુ, આ મિત્ર એ આદિ વિકલ્પથી પણ રહિત છે. પરપદાર્થના લક્ષે જે વિકલ્પ ઊઠે છે તે સર્વથી રહિત છે. આવું નિજસ્વરૂપ છે તેને સમતાભાવ વિના જાણી શકાતું નથી. કેટલી ધીરજ જોઈએ!

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પોતાનો પરમાત્મા વિકલ્પ રહિત ચૈતન્યપ્રકાશમય છે તે સમતાભાવ વિના જાણી શકાતો નથી. સમતાભાવ એટલે પરની અને પર્યાયની વિષમતાનું લક્ષ છોડી દઈને, વીતરાગ-વિજ્ઞાનઘન જે નિજસ્વભાવ છે તેના અવલંબનથી જે ભાવ પ્રગટ થાય છે તે સમતાભાવ છે, તેમાં જ નિજસ્વરૂપ યથાર્થપણે જાણી શકાય છે. ત્યાં જ્ઞાનની સાથે આનંદ આદિ બધા ગુણોનું પરિણમન છે. એકલો આનંદ નથી, જ્ઞાન અને આનંદ સાથે જ છે. પોતાનું જ્ઞાન જ્ઞાનરૂપ અને આનંદરૂપ પરિણમે છે ત્યારે તેને નિજાનંદસ્વભાવ પ્રગટ થયો કહેવાય છે.

પરનો આકાર તો જીવના જ્ઞાનમાં આવતો નથી. પોતાના પરિણમનની યોગ્યતાથી સ્વ-પરપ્રકાશકપણે જ્ઞાન પરિણમે છે ત્યારે આનંદ આદિ બધું આવે છે પણ અહીં આનંદની મુખ્યતા બતાવવી છે. વિકલ્પ હતો તે દુ:ખરૂપ છે, તે છૂટ્યો એટલે આનંદ આવ્યો એમ બતાવ્યું પણ લબ્ધમાં તો બધું જ્ઞાન છે, બધા પ્રકારનું જ્ઞાન છે. ઉપયોગ એક તરફ જામ્યો છે એટલે કહ્યું કે નિજાનંદસ્વરૂપ આત્મા અનુભવમાં છે. બાકી ઉપયોગમાં અનંતગુણો છે પણ એકરૂપ છે તેમાં ઉપયોગ ભેદ પાડતો નથી.

શ્રોતા :–એ વખતે આત્માનો ઉપયોગ વિશ્વરૂપ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ના. વિશ્વરૂપ નથી, વિશ્વના જ્ઞાનરૂપ છે. જ્ઞેયાકારરૂપ નહીં પણ જ્ઞાનનો પોતાનો આકાર છે. ૪૭ શક્તિમાં લીધું ને! સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપ પરિણમેલી એવી આત્મદર્શનમય સર્વદર્શિત્વશક્તિ છે અને સમસ્ત વિશ્વના વિશેષભાવોને જાણવારૂપે પરિણમેલો એવો આત્મજ્ઞાનમય સર્વજ્ઞસ્વભાવ છે. તેમાં પરનું કાંઈ આવ્યું જ નથી. પર અને સ્વના જ્ઞાનમય આત્માની દશા છે. પરનું જ્ઞાન તો વ્યવહાર છે. સર્વ પદાર્થ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાના કારણે પોતામાં પરિણમે એવી આત્મજ્ઞાનમય શક્તિ છે. સર્વ વિશ્વનું જ્ઞાન છે પણ તે વિશ્વરૂપ નથી, જ્ઞાનરૂપ છે. પોતાની પર્યાય છે. સ્વ-પરનું જ્ઞાન પોતાનું છે, પરનું નથી અને પરથી નથી. આવા નિજસ્વરૂપને સમતાભાવ વિના જાણી શકાતું નથી.

આ ૧૦૪ ગાથા થઈ. હવે ૧૦૫ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે જે જીવ બધા જીવોને સમાન નથી માનતા તેને સમભાવ હોઈ શકતો નથી.

जो णवि मण्णइ जीव जिय समयल वि एक्क-सहाय।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव॥१०५॥

અર્થ :-હે જીવ! જે બધા જીવોને એક સ્વભાવવાળા જાણતાં નથી તે અજ્ઞાનીને સમભાવ રહેતો નથી કે જે સમભાવ સંસારસમુદ્રને તરવાને નાવ સમાન છે.

સમયસારમાં પાછળ ૨૭૧ કળશમાં આવે છે કે આ જે જ્ઞાનમાત્ર ભાવ છે તેને જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવું. પોતાના જ્ઞાનનું એ જ્ઞાન છે. જ્ઞેયોના આકારે થતાં પોતાના જ્ઞાનના કલ્લોલ આકારે પરિણમતો આત્મા જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુ છે એમ જાણવું. પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો. આ જ્ઞેય અને હું જ્ઞાતા એમ નહિ. અભેદની વાત છે. એકલો આત્મા...આત્મા....તેમાં જ્ઞેય અને જ્ઞાતાના ભેદ એ પણ સમજાવવાની વાત છે. સ્વજ્ઞેયમાં બધું આવી જાય છે. વિશેષ કહેશે. *(ક્રમશઃ)*

❀ ❀ ❀

## વૈરાગ્ય સમાચાર :—

લીંબડીનિવાસી પુષ્પાબેન મનુભાઈ શાહ (વર્ષ-૯૦) તા. ૩૦-૫-૦૮ના રોજ કેન્સરથી સ્વર્ગવાસ પામ્યા છે.

પૂનાનિવાસી સ્વ. શેઠ છોટાલાલ વિઠ્ઠલદાસનો પૌત્ર તેજસકુમાર કીર્તિભાઈ (વર્ષ-૩૨) તા. ૧૨-૯-૦૮ના રોજ મેંગલોર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-જેતપુર) વ્રજકુંવરબેન શીવલાલ શેઠ (વર્ષ-૯૪) તા. ૨૫-૯-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નરોડાનિવાસી શાંતાબેન જસકરણલાલ જૈન (વર્ષ-૧૦૦) તા. ૨૨-૧૦-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી (હાલ-જામનગર) વ્રજલાલ ત્રિભોવનદાસ બાવીશી (વર્ષ-૭૯) તા. ૧૯-૧૦-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અડતાલાનિવાસી (હાલ-સોનગઢ) લલિતાબેન પાનાચંદ અજમેરા (-તે બ્ર. ગુણીબેનના માતુશ્રી) (વર્ષ-૯૫) તા. ૨૪-૧૦-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૪૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

# શ્રી જંબૂદ્વીપ-બાહુબલી નિર્માણ આયોજના

દેવાધિદેવ પરમવીતરાગ સર્વજ્ઞ ભગવાન મહાવીરના શાસનના વર્તમાન શાસનોદ્ધારક આત્મજ્ઞસંત પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી જે વિશ્વવંદ્ય મહાન વિભૂતિ છે અને જેમના અચિંત્ય અનહદ ઉપકાર તથા દિવ્યવાણીથી આપણે સાચા સુખના મૂળમાર્ગને સમજી શક્યા છીએ. આવા પૂ. ગુરુદેવશ્રીના તથા તદ્દ્ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મહાન પ્રભાવનાયોગે, તેઓશ્રીના ચરણકમળથી પાવન થયેલ સાધનાભૂમિ સુવર્ણપુરી તીર્થ મધ્યે, નૂતન નિર્માણાધીન શ્રી જંબૂદ્વીપની ભવ્ય રચના તથા ૪૦ ફૂટ ઊંચી કૃત્રિમ પહાડી ઉપર ૩૬ ફૂટ ઉન્નત ગ્રેનાઈટ પથ્થરમાંથી નિર્મિત, વર્તમાન અવસર્પિણીકાળે પ્રથમ મુક્તિ પ્રાપ્ત કરનાર વિરાધિવીર ભગવાનશ્રી બાહુબલીની ભવ્ય પ્રતિમા બિરાજમાન કરવામાં આવનાર છે. તે સૌને સુવિદિત છે. આ વિશાળકાય આયોજનમાં સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક દરેક પ્રકારે અમને સાથ અને સહકાર આપેલ છે.

આ આયોજનની ટુંકી રૂપરેખા સર્વે મુમુક્ષુઓની જાણ માટે અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

## (૧) શ્રી બાહુબલી ભગવાનની પ્રતિમા નિર્માણ માટે શિલાની પસંદગી.

શ્રી બાહુબલી ભગવાનની પ્રતિમાનું નિર્માણ કેવા પ્રકારના પત્થરમાંથી કરવું? આ પ્રશ્નના ઉકેલ માટે આપણી ટીમે જ્યાં જ્યાં વિશાળકાય બાહુબલી ભગવાન બિરાજમાન કરવામાં આવ્યા છે તે સ્થળોની મુલાકાત લઈ દરેક પડખાથી તે પ્રતિમાઓનું નિરિક્ષણ અને અભ્યાસ કરી ગ્રેનાઈટ પથ્થરમાંથી પ્રતિમાનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. આશરે ૪૫ ફૂટની અખંડ શિલા માટે યોગ્ય ગ્રેનાઈટ પથ્થર માટે દેશની ઘણી ગ્રેનાઈટની ખાણોની મુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરી. છેવટે બેંગ્લોરથી ૬૦ કિ.મી. દૂર કોઈરા (વિલેજ)ની ખાણમાંથી આવી શિલાની પસંદગી કરવામાં આવી. અજાણી ભાષાવાળા અજાણ્યા પ્રદેશમાંથી આ શિલા પસંદગીના કાર્યમાં અમને બેંગ્લોર મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી મનુભાઈ શેઠ, શ્રી પ્રકાશભાઈ શેઠ, શ્રી મનીષભાઈ શાહ તરફથી ઘણી જ મદદ મળી.

## (૨) શ્રી બાહુબલી ભગવાનની પ્રતિમા માટેની શિલાનો શુદ્ધિવિધાન સમારોહઃ

બેંગ્લોરની કોઈરા ખાણમાંથી પસંદ કરવામાં આવેલ શિલાના શુદ્ધિકરણનો ભાવવાહી સુંદર કાર્યક્રમ શ્રાવણ સુદ-૫ તા. ૬-૮-૨૦૦૮ના શુભ દિને કોઈરા (બેંગ્લોર) મુકામે ખાણમાં જ યોજવામાં આવ્યો. આ શિલા શુદ્ધિનું વિધાન ભગવાન બાહુબલીની પ્રતિષ્ઠિત પ્રતિમાની અધ્યક્ષતામાં સંપન્ન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હસમુખભાઈ વોરા, ચીમનભાઈ મોદી, જિતુભાઈ શાહ, વિકાસભાઈ શાહ તથા મુંબઈથી બોરીવલી મંડળના પ્રમુખ નવીનભાઈ શાહ, દાદર મંડળના પ્રમુખ ગુણવંતભાઈ ભાયાણી, ઘાટકોપરના પ્રમુખ રસિકભાઈ ડગલી, દેવાંગ ડગલી, વિપુલ મોદી, મદ્રાસ

(ચેન્નાઈ)થી શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર, ખંડવા મંડળના મંત્રી રાજકુમાર જૈન તેમજ કિરણભાઈ શાહ (લંડન-નાઈરોબી), બેંગલોર મોટામંદિરના પ્રમુખ ભભૂતમલજી ભંડારી, રાજાજીનગરમંડળના પ્રમુખ મનુભાઈ શેઠ તથા બેંગલોરના બંને મંડળના સભ્યો તેમજ હૈદરાબાદ, રાજકોટ, કોઈમ્બતુર આદિ સ્થળોએથી પધારેલા અનેક મહાનુભાવો વગેરે ઘણા મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો. શિલાની શુદ્ધિનો લાભ બાહુબલી ભગવાનની પ્રતિમાના નિર્માણમૂલ્યદાતાર, શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ પરિવારના શ્રી અનિલભાઈ, જિનેન્દ્રભાઈ તથા રસિકભાઈ અમરચંદ ડગલી પરિવારના શ્રી રસિકભાઈ તથા દેવાંગભાઈ, તદુપરાંત કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર(ચેન્નાઈ)ને પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બેંગ્લોરના પ્રકાશભાઈ શેઠ, મનિષભાઈ શાહ, સંજયભાઈ જૈન,રમેશભાઈ ભંડારી, રમેશભાઈ શેઠ, હિરેન શાહ, ચિદેશ જૈન તથા રાજાભાઈ ખંડવા, ધવલભાઈ મહેતા (મલાડ), ઉલ્લાસભાઈ સંઘવી (ચેન્નાઈ) વગેરે કાર્યકરોએ ખૂબ જ સાથ અને સહકાર આપ્યો હતો. આ શિલાશુદ્ધિવિધાનની સંપૂર્ણ શાસ્ત્રોક્તવિધિ શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા સંપન્ન કરાવવામાં આવી હતી. આ પ્રતિમાનું કોતરણીકામ બેંગ્લોરમાં, ત્યાંથી પસંદ કરવામાં આવેલ ગોલ્ડમેડાલીસ્ટ શિલ્પી દ્વારા, શરૂ થઈ ગયું છે.

**(૩) જંબૂદ્વીપના નિર્માણ અંગે :**

નૂતન નિર્માણાધીન જંબૂદ્વીપમાં ૯૧ ફૂટ ઉંચો સુદર્શન-મેરુ, જંબૂદ્વીપ તથા સુદર્શનમેરુ સ્થિત અકૃત્રિમ જિનાલયો તથા જિનેન્દ્ર ભગવંતો તથા ભરત વિદેહ અને ઐરાવતના જિનેન્દ્ર ભગવાનોની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવશે. જેમાંના મોટાભાગના ભગવાનોના નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠાના લાભ અપાઈ ગયા છે. જે થોડા બાકી છે તેમાંથી કેટલાકની પ્રતિષ્ઠા પ્રસંગે ઉછામણી બોલવામાં આવશે. સુદર્શનમેરુમાં લીફટની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

**(૪)** સુવર્ણપુરીમાં જે જમીન પર આ સમગ્ર રચના થવાની છે તે જમીનની લગભગ ત્રણ બાજુનું બાઉન્ડ્રીવોલનું કાર્ય પૂર્ણ થઈ ગયેલ છે.

**(૫)** આ સમગ્ર પ્રોજેકટના પ્લાન-ડિઝાઈન અત્યંત કુશળ ડિઝાઈનરો દ્વારા તૈયાર થઈ ગયેલ છે. તેથી ગ્રાઉન્ડ પરનું સીવીલ વર્ક ટુંક સમયમાં શરૂ થનાર છે.

**(૬)** બધી જિન પ્રતિમાઓનાં માપ તથા સંખ્યા તથા તે જેમાં બિરાજમાન કરવામાં આવનાર છે તે દેરીઓ તથા કમળોની માહિતી જયપુરના જે ત્રણ મુખ્ય દિગંબર મૂર્તિકારો છે તેમને આપવામાં આવી હતી તથા તેમની પાસેથી દરેકના ભાવ આવી ગયા છે. આ અંગેનો આર્ડર ટુંક સમયમાં આ બાબતના અનુભવી અને જાણકાર કાર્યકરોની ટીમ દ્વારા આપવામાં આવશે. વિવિધ સાઈઝની દેરી કમલાસન, ધજા તથા દંડના નિર્માણમૂલ્યની રકમ થોડા સમયમાં જાહેર કરવામાં આવશે. જેથી જેમને લાભ લેવો હોય તેઓ લઈ શકે. જે મુમુક્ષુઓએ પ્રતિમાજીના નિર્માણમૂલ્ય અને પ્રતિષ્ઠાનો લાભ પ્રાપ્ત કરેલ છે, તેઓ પણ જો દેરી વગેરેના

નિર્માણમૂલ્યનો લાભ લેવા ઈચ્છતા હોય તો તુરત સંસ્થાને જાણ કરવા વિનંતી છે. જેથી બધાનો એક સાથે લાભ મળવાથી એક નાનું જિનમંદિર નિર્માણ કરવાનો લાભ મળ્યો હોય તેવી ભાવના આપણા અંતરમાં અનુભવાય.

આ સમગ્ર પ્રોજેક્ટને ખૂબ જ સારી રીતે સંપન્ન કરવા માટે પૂજ્ય બહેનશ્રીની ૯૫મી જન્મજયંતી પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં કાર્યકરોની એક મીટીંગ બોલાવવામાં આવેલ જેમાં લગભગ ૧૨૫ થી વધુ કાર્યકરોએ ભાગ લીધેલ તથા આ મહાકાર્યમાં સક્રિય ભાગ લેવાની પોતાની ઉત્તમ ભાવના પણ વ્યકત્ત કરી હતી. તે ઘણી જ આનંદની વાત છે.આ ભવ્ય આયોજનની નકશાના આધારે એક વુફર સીડી બનાવવાનું કાર્ય ચાલુ છે. તે પછી અમારી ટીમ દરેક મુમુક્ષુ મંડળમાં જઈ આ સંપૂર્ણ આયોજનની માહિતી આ સીડી દ્વારા આપશે. જેથી આપ સૌને આ પ્રોજેક્ટ અંગેની સર્વ માહિતી પ્રાપ્ત થઈ શકશે.

હવે આગામી સમયમાં સોનગઢ સમર્પિત (સંલગ્ન) દરેક મંડળોના પ્રમુખશ્રી અને મંત્રીઓના એક મંડળનું ગઠન કરી તે દરેકને વિશાળકાય કાર્યમાં કઈ રીતે સમ્મિલિત કરવા તે હેતુએ પૂ. બહેનશ્રીની આગામી ૭૭મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે દરેક મંડળના પ્રમુખશ્રી તથા સેક્રેટરીઓની એક સભા બોલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તો આપ સૌને આ પ્રસંગે જરૂરથી ઉપસ્થિત રહેવા અમારી વિનંતી છે. તદ્ઉપરાંત દરેક મંડળના પ્રમુખશ્રી તથા સેક્રેટરીશ્રી પોતાનું નામ-સરનામુ, ટેલીફોન નંબર તથા આપની વિશેષ કાર્યકુશળતા કે જેનો આ કાર્યમાં આપ લાભ આપી શકો તેની વિગત અગાઉથી અમને મોકલી આપવા વિનંતી છે.

*લિ.*

*પ્રમુખ--હસમુખલાલ પોપટલાલ વોરા*

---

સાચા ભાવલિંગી મુનિને છટ્ઠા ગુણસ્થાને જેટલા શુભ પરિણામ આવે છે તેને પણ નાટક સમયસારમાં જગપંથ કહ્યો છે. જેમને પ્રચુર આનંદનું વેદન છે એવા ભાવલિંગી સંતના શુભ રાગને પણ જગપંથ કહ્યો છે કેમકે તે બંધનું કારણ છે અને તેમાં ધર્મ માને છે તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. સમયસાર કળશ ૧૦૮ મા પણ કહ્યું છે કે વ્યવહાર-ચારિત્ર હોતું થકું જીવના શુદ્ધ પરિણમનનું ઘાતક છે, દુષ્ટ છે, અનિષ્ટ છે, તેથી વિષય-કષાયની માફક નિષેધ્ય છે; ઉપાદેય નથી. તેથી શુભ ક્રિયારૂપ યતિપણાનો ભરોંસો છોડી શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવવા યોગ્ય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

---

**શ્રી હસમુખલાલ મગનલાલ શાહ ફ્લોરીડા, U.S.A. તરફથી રૂા. ૧૦,૦૦૦/– આ અંકના પ્રકાશનાર્થે મળેલ છે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૩૦ થી ૮-૧૫ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ‘સમયસાર ગુજરાતી અનુવાદ’ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી

શ્રી સમયસાર પરમાગમના પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૯-૧૦-૨૦૦૮ના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અઠ્ઠાવીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૧૫-૧૧-૨૦૦૮, શનિવારથી કારતક વદ ૭ તા. ૧૯-૧૧-૨૦૦૮, બુધવાર સુધી રાખવામાં આવ્યો છે. આ ‘ગુરુ-ઉપકારસ્મૃતિ’નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૦૮
અંક-૩ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## અહા! પરની આશ છોડીને, પરનું લક્ષ છોડીને અંતરના લક્ષે જ્ઞાનરૂપી સુધારસ પીને પ્રભુ!

અજ્ઞાની કહે છે કે મારા ગુરુ છે, મારા ભગવાન છે, મારા દેવ છે, મારું મંદિર છે. પણ ભાઈ! એ તો બધી પ્રત્યક્ષ ભિન્ન વસ્તુ તારી ક્યાંથી હોય? એ બધા મારા છે, મારું ભલું કરનારા છે એ વાત તો દૂર રહો, એ તારા જ્ઞેય થાય એમ સંબંધ પણ નથી, કેમકે જ્ઞેય પણ પોતે અને જ્ઞાતા પણ પોતે જ છે. આહાહા....! કહે છે કે જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું એવી ચેતનાસર્વસ્વ વસ્તુ હું છું. મારગ બહુ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ! એમાં મોં-માથું સૂઝે નહિ એટલે લોકો ક્રિયાકાંડમાં જોડાઈ જાય અને એની પ્રરૂપણા કરે પણ એ બધા મિથ્યા ભાવ ને બધી મિથ્યા પ્રરૂપણા છે ભાઈ! એનાથી મિથ્યાત્વ પુષ્ટ થશે, ધર્મ નહિ થાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org